કોર્મશિયલ વિસ્તારમાં વધતા દબાણો વચ્ચે પાર્કીંગ સેન્સનો પણ અભાવ

કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગ પ્લેસ પર દબાણો માર્ગ વચાળે જ વાહનો ખડકાતા ટ્રાફિક જામના દ્રશ્યો વાહનોની સંખ્યા વધવાની સાથે પાર્કીંગની સમસ્યા વિકારળ બની

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં છેલ્લા એક દાયકાથી વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના લીધે માર્ગો પર મેગાસીટીની જેમ ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. પરંતુ પાર્કીંગ પ્લેસ માટે સ્માર્ટ આયોજન થતુ નથી જેના લીધે શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષ આસપાસ માર્ગ વચાળે જ વાહનોનો ખડકલો થયેલો જોવા મળે છે. હવે તો રહેણાંક વિસ્તારમાં પણ આડેધડ પેવર કામ અને વધતા ફેન્સીંગના દબાણોના લીધે પાર્કીંગની સમસ્યા ઉભી થઇ છે. ત્યારે સ્માર્ટ સીટીમાં પાર્કીંગ વ્યવસ્થાના મામલે નવતર અને અસરકારક વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. પાર્કીંગ પ્લેસ પર અડ્ડો જમાવતા દબાણો પણ આ વિકરાળ બનતી સમસ્યા માટે જવાબદાર હોવાનો આક્રોશ નાગરિકો ઠાલવી રહ્યા છે.

શહેરમાં પાર્કીંગ સેન્સનો ભારોભાર અભાવ વર્તાય છે. સેકટરોના કોર્મશિયલ ઝોનમાં રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. સેકટરોના

રહેણાંક વિસ્તારમાં પણ હવે વાહન પાર્કીંગની સમસ્યા વધુ જટીલ બની છે. ત્યારે શહેરના કોર્મશિયલ વિસ્તાર સે-૨૧, સે-૧૧ સે-૬ અપનાબજાર અને સે-૨૧ માં પાર્કીંગની સમસ્યાથી આમ નાગરિકો ગળે આવી ગયા છે. સે-૧૬ માં સાંકડા સર્વિસ માર્ગ પર પણ પાર્કીંગનો પ્રશ્ન વધુ ગંભીર બનતા મુલાકાતીઓએ રોજબરોજ ગાથે ચઢવાનો વારો આવે છે. શહેરના સેકટરોમાં એક દાયકા અગાઉ નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર હાલ દબાણોનો અડ્ડો છે. લારી ગલ્લાના દબાણો પાર્કીંગ પ્લેસ પર ગોઠવાઇ જતા મુલાકાતીઓ માર્ગ વચાળે જ વાહનોનો ઢગ કરી દે છે.

રોજબરોજ શહેરના કોર્મશિયલ ઝોનમાં ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. કોર્મશિયલ વિસ્તારમાં આવતા મુલાકાતીઓની સંખ્યા આમ પણ વધુ હોય છે આ સ્થિતિ વચ્ચે યોગ્ય પાર્કીંગ પ્લેસ ન મળતા માર્ગ વચાળે જ વાહનો પાર્ક કરી દેવામાં આવે છે. તેમાંય સવારે તેમજ સાંજના સમયે પીક અવર્સમાં સર્વિસ રોડ પરથી પસાર થવાનુ પણ શિરદર્દ સમાન બન્યુ છે. શહેરમાં લાખાનો ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ વેપાર ધંધા કરવાનુ સ્થળ બની ગયુ છે. લારી ગલ્લાના લીધે આ વિસ્તારમાં અન્ય લુખ્ખા તત્વો પણ અડ્ડો જમાવે છે. સ્માર્ટ સીટી અન્વયે કોર્પોરેશનના તંત્ર દ્વારા અનેક વિધ વિકાસ યોજનાઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ નગરજનોને રોજબરોજ નડતા પ્રશ્નોના નિરાકરણ માટે કોઇ આયોજન કરવામાં આવતુ નથી. શહેરના રહેણાંક વિસ્તારમાં પણ આડેધડ પેવર બ્લોક તેમજ ફેન્સીંગ કરીને કેટલાક તત્વો દ્વારા દબાણ કરી જગ્યા પચાવી પાડવામાં આવે છે. જેના લીધે રહેણાંક વિસ્તારમાં પણ કોમન પ્લોટ હોવાછતા પણ પાર્કીંગની સમસ્યા વધુ ગંભીર બની છે. શહેરમાં યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા તેમજ પાર્કીંગ સેન્સના અભાવ વચ્ચે માર્ગ સલામતીનો પ્રશ્ન પણ વધુ જટીલ બન્યો છે. પાર્કીંગ વ્યવસ્થા નિયમિત કરવા તેમજ જરૂરિયાત મુજબ પાર્કીંગ ઉભુ કરવા માટે કોઇ આયોજન કરવામાં આવતુ નથી. જેના લીધે સેકટરે સેકટરે નતનવી સમસ્યા રહીશો માટે તોબારૂપ બની છે.

આંજણા ચૌધરી સમાજ, ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રીશ્રીનો સન્માન સમારંભ યોજાયો

મારે કામ કરવાનું બાકી છે, હું આપનો સહકાર અને આર્શીવાદ લેવા આવ્યો છું : ભૂપેન્દ્રભાઇ પટેલ

ગાંધીનગર

મારે કામ કરવાનું બાકી છે, હું આપનો સહકાર અને આર્શીવાદ લેવા માટે આજરોજ

આપની વચ્ચે આવ્યો છું, તેવું અખિલ આંજણા ચૌધરી સમાજ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત સન્માન સમારંભમાં રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું.

આંજણા ચૌધરી સમાજ, ગાંધીનગર દ્વારા રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ નો સન્માન સમારંભ ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત આંજણા ચૌધરી સમાજના બંધુઓનો આભાર વ્યક્ત કરીને રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ઉમેર્યું હતું કે, આ પક્ષ દરેક સમાજ સાથે સાકારની જેમ ભણી ગયો છે. તેનું પરિણામ ગુજરાતમાં યોજાયેલ છેલ્લી ચૂંટણીઓમાં ગુજરાતની જનતાએ પક્ષનું જે સમર્થન કર્યું છે, તેની ફલશ્રૃતિ છે.

મને તમે સરળતાથી મળી શકો છો, તેવું કહી મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ઉમેર્યું હતું કે, આ સરકારના શાસનમાં ગુજરાતની જનતા માટે મારા અને મંત્રીઓને મળવા માટે સોમવાર અને મંગળવાર ફાળવવામાં આવ્યો છે. આપ આપના પ્રશ્નોની રજૂઆત સરળતાથી કરી શકશો. આ પક્ષ સેવા કાર્યમાં ખમીરવંત છે.

તેમણે તેમનુ સન્માન કરવા માટે તમામ આંજણા ચૌધરી સમાજ, ગાંધીનગરના અગ્રણીઓ, ભાઇ-બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમાજ દ્વારા તેમને પાઘડી પહેરાવી, ફૂલહાર, મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ, ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ સહિત અનેક મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત મહેસાણા જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી મુકેશભાઇ ચૌધરીએ કર્યું હતું. આભારવિધી ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી સતિષભાઇ ચૌધરીએ કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વે શ્રી રમણભાઇ પટેલ, પૂર્વ આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઇ ચૌધરી, દૂધ સાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઇ ચૌધરી, પ્રમુખ ગૃહ અને વિજાપુર એ.પી.એમ.સીના વાઇસ ચેરમેન શ્રી કનુભાઇ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય શ્રી અમિતભાઇ ચૌધરી સહિત મોટી સંખ્યામાં ચૌધરી સમાજના ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

માહિતી નિયામક અશોક કાલરિયા આજે વય નિવૃત્ત : માહિતી પરિવાર દ્વારા અપાયુ ભાવભર્યુ વિદાયમાન

માહિતી નિયામકે સૌ કર્મીઓની સેવાઓ બિરદાવી પાઠવ્યા અભિનંદન : સૌ લોકો ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવી

માહિતી નિયામક શ્રી અશોક કાલરિયા આજે વયનિવૃત્ત થતા માહિતી પરિવાર દ્વારા વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા

ભાવભરી વિદાય આપવામાં આવી હતી અને નિવૃત્તિમય જીવન નિરોગીમય અને પરિવાર સાથે સુખમય રીતે નિવડે એવી શુભેચ્છાઓ પાઠવી હતી

માહિતી પરિવારના મોભી અને માર્ગદર્શક એવા માહિતી નિયામક શ્રી અશોક કાલરિયાએ સૌ અધિકારી-કર્મચારીઓની સેવાઓ બિરદાવીને સૌ એ આપેલા સહયોગ માટે અભિનંદન પાઠવતાં કહ્યું કે, માહિતી પરિવારે એક ટીમ બનીને જે કામ કર્યુ છે એના પરિણામેજ આપણે સૌ સારી રીતે કામગીરી કરી છે. મારા સૌ અધિકારીઓનો અપાર પ્રેમ અને કાર્યનિષ્ઠા મને સદાય યાદ રહેશે. તેમણે ઉમેર્યુ કે અન્ય વિભાગોની કામગીરી કરતા માહિતી ખાતાની કામગીરી અલગ પ્રકારની અને સમય મર્યાદામા પૂર્ણ કરવા સાથે ચિવટ પૂર્વકની હોઈ સૌ એ ખંત અને નિષ્ઠાપૂર્વક જવાબદારીથી બજાવી છે એ સરાહનીય છે આપ સૌ ઉત્તરોત્તર પ્રગતિ શુભકામનાઓ પાઠવુ છું

અધિક માહિતી નિયામકશ્રી અરવિદભાઈ પટેલે નિવૃત્ત થતા શ્રી કાલરિયા સાહેબને શુભેચ્છાઓ પાઠવતા કહ્યુ કે, આપનુ માર્ગદર્શન અને સહયોગના પરિણામે સમગ્ર માહિતી પરિવારે એક ટીમ થઈને સુદર કામગીરી કરી છે. આપનુ નિવૃત્તિમય જીવન સુખમય અને નિરોગીમય બની રહે એવી શુભકામનાઓ આપી હતી.

અધિક માહિતી નિયામક શ્રી પુલક ત્રિવેદીએ વિદાય થતા શ્રી કાલરિયા સાહેબને શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે, કોઇપણ પરિસ્થિતિમાં મળતું તેમનું હાસ્ય, ઓછાબોલાપણુ અને સૌને સાથે લઈને કામ કરવાની ટીમ ભાવના તથા તેમનુ માર્ગદર્શન સૌને માટે પ્રેરણારૂપ બન્યું છે. તેમણે ઉમેર્યુ હતું કે, સરકારી સેવામાંથી નિવૃત્તિ જગા પરથી થાય છે પરંતુ ઈશ્વર તેને બીજી જગ્યાએ પ્રવૃત કરે છે. નવી જગ્યાનો આરંભ છે તેમની આવતીકાલની સવાર અને જીંદગી મનમોહક બની રહે તેવી શુભેચ્છા આપી હતી. કાલરિયા સાહેબને શાલ ઓઢાડી અને મેમેન્ટો આપીને સન્માનિત કરાયા હતા. સંયુકત માહિતી નિયામક જી. એફ. પાડોર સંજય કચોટ,શ્રી પંકજભાઈ મોદી, શ્રીમતી ઉર્વી રાવલ સહિત માહિતી કચેરી અધિકારીઓએ તેમની સાથેના સંસ્મરણો તાજા કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન ફિલ્મ પ્રોડક્શન શાખાના નાયબ માહિતી નિયામક હિરેન ભટ્ટે કર્યુહતું.

ગાંધીનગર જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગના કર્મયોગી કે.એમ. શાહ આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં તેમને ભાવભીની વિદાય આપી અને નિવૃત્ત જીવન સ્વસ્થ રહે તેવી શુભકામનાઓ આપવામાં આવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ, પંચાયતના સદસ્યો શિલ્પાબેન પટેલ, સહિતના આગેવાનો પણ તેમને વિદાય આપી નિવૃત્ત જીવન સ્વસ્થ રહે તેવી શુભકામના આપી હતી અને તેમની સેવાઓને સન્માનિત કરી હતી.

ગાંધી જયંતિ નિમિત્તે સ્નેહ સંગીત યાત્રા

ગાંધી જયંતિ નિમિત્તે સ્નેહ સંગીત યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તારીખ ૨ ના રોજ ગાંધી આશ્રમ અમદાવાદ ખાતે ૫.૩૦ થી ૭.૩૦ દરમ્યાન સંગીતયાત્રા યોજાશે. જેમાં નરસિંહ અને ગાંધીના ભજન 'વૈષ્ણવજન...'ની પહેલી વખત કશ્મીરી ભાષામાં પ્રસ્તુતિ કરવામાં આવશે. કશ્મીરી અને બોડો ભાષામાં ગાંધીની આત્મકથાનું વિમોચન કરવામાં આવશે તથા વિનોબાજીએ કશ્મીરની ૮૦ દિવસની પદયાત્રા દરમિયાન લોકો સાથે કરેલ સંવાદ) પુસ્તકના ગુજરાતી અનુવાદ 'મહોબ્બતનો પૈગામ'નું વિમોચન કરાશે. ૩જી તારીખે મહાવીર ઓડિટોરીયમ વિદ્યાનગર સોસા, ભાવનગર ખાતે ૫.૩૦ થી ૮.૦૦ વાગ્યે સ્નેહસંગીત યાત્રા યોજાશે. ૪થીના રોજ સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર, અમરેલી ખાતે ૧૦.૩૦ થી ૧ વાગ્યે સ્નેહ સંગીત યાત્રા યોજાશે. ૫ મીના રોજ રૂપાયતન ગીરી તળેટી જૂનાગઢ ખાતે યોજાશે. તારીખ ૬ ના રોજ હેમુ ગઢવી હોલ (મીની થિયેટર), રાજકોટ ખાતે ૬.૩૦ વાગે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન સુધીન્દ્ર કુલકર્ણી, રાજેન્દ્રસિંહ ગાંધી આશ્રમ, અમદાવાદ ઉપસ્થિત રહેવાના છે.

અમદાવાદ મેનેજમેન્ટ એશોસિયેશનમાં રીવર કોમીક્સની મહાત્મા ગાંધીની મૂવીંગ સીરીઝ લોન્ચ થઈ

રીવર કોમીક્સ બ્રાન્ડ ધ્વારા મૂવીંગ કોમીક્સની શરુઆત થઈ છે, આ એપમાં ગાંધી જયંતી નિમિતે

ખાસ મહાત્મા ગાંધીજી ની સીરીઝ સિટી ખાતે લોન્ચ કરવામા આવી હતી. કોઈ દિવસના જોયું હોય તેવી આ સીરીઝનુ ટ્રેઈલર અને પોસ્ટર અમદાવાદ મેનેજમેન્ટ એશો. ખાતે લોન્ચ થયા હતા.

રીવર કોમીક્સના ફાઉન્ડર, પ્રેસીડન્ટ અને ક્યુરેટર જે. એમ. ઠાકર વર્ષોથી યુએસમાં રહે છે, પણ ભારતીય સંસ્કૃતિ ભૂલ્યા નથી. "આ અમૂલ્ય ભારતીય ઈતિહાસ, કલા, સંસ્કૃતિ અને ભવ્ય વારસો વીસરી ન જાય અને નવી પેઢી ને એ બાબત જાણકારી મળે. મૂવીંગ અંદાજ માં જ્યારે કોઈ સ્ટોરીની રજુઆત થાય, ત્યારે તે વધારે સહેલાયથી સમજાય અને સાથે મજા પણ કરાવે છે, તેથી અમે આ એક અનોખી મોશન કોમીક્સ ની એપ ની શરુઆત કરી જે તમે મોબાઈલ, લેપટોપ, ટીવીમાં જોઈ શકશો, આવું તે જણાવે છે.

મહાત્મા ગાંધીની સીરીઝનુ લોન્ચ એએમએના ૩૦મી સપ્ટેમ્બરના થયું હતું. જ્યારે ચીફ ગેસ્ટ ભાગ્યેશ જ્હા (ફોર્મર સેક્રેટરી યુથ, કલ્ચરલ અફેર એન્ડ સ્પોર્ટસ ડિર્પાટમેન્ટ, ગર્વમેન્ટ ઓફ ગુજરાત, ફોર્મર ઓફિસર સીએમઓ, કવિ, લેખક) "આધુનિક સમયમાં બાળકોને આપણા જીવનના વૈભવને વ્યક્ત કરતી કથાઓથી જોડવા છે, તદ્દન નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી રિવર કોમિક્સ આ કથાઓનો અને આ કથાઓમાં સમાયેલું જીવનનું શિક્ષણ બાળકો સુધી સરળતાથી પહોંચાડવાનો આ પ્રયાસ છે. આપણો ભવ્ય સંસ્કારવારસો જો આ માધ્યમથી નવી પેઢીને લભ્ય બનશે તો એ એક ક્રાંતિકારી શરૂઆત ગણાશે." આવું ભાગ્યેશ જ્હા જણાવેછે. સેલેબ્રિટી ગેસ્ટ બોલીવુડ એક્ટ્રેસ જીનલ પંડયા (હિન્દી ફિલ્મ સેક્ટર બાલાકોટ, સંજય દત્ત સાથે ફિલ્મ આમ્રપાલી કરી.) રીવર કોમીક્સના પ્રોજેક્ટને ફાઉન્ડરના પિતાશ્રી ડો મુકુન્દ ઠાકરનો (માય ઈન્ડિયન નર્સીંગ હોમ પ્રોગ્રામ પ્રેસીડન્ટ પ્રોત્સાહન અને સપોર્ટ રહ્યો છે.

એપ્રેન્ટીસ ભરતી મેળો.... ● પાંચમા પાનાનું ચાલુ

શિક્ષણ, આરોગ્ય, નગરપાલિકા, યુ.જી.વી. સી.એલ., ફૂડ એન્ડ ડ્રગ્સ, શ્રમઆયુક્ત, આસ.ટી., જિલ્લા પુરવઠા અધિકારી વિગેરે લાઇન ડિપાર્ટમેન્ટ દ્વારા સઘન પ્રયાસ કરાયો છે. આ બેઠકમાં ૩૧૬ જેટલા લક્ષ્યાંક સિદ્ધ કરાયો છે. પરંતુ આ ટાર્ગેટ સો ટકા થી ઉપર લઈ જવાનું લક્ષ્યાંક બેઠકમાં નક્કી કરાયું હતું. અને સૌ અધિકારીઓની ટોચની અગ્રતા આપી નકકર પરિણામલક્ષી સિદ્ધિઓને પાર કરવા તાકીદ કરાઈ છે. આ લક્ષ્ય સિદ્ધ ન થાય તો જે તે અધિકારીની જવાબદારી અને સંબંધિત વિભાગને નબળા દેખાવ કર્યો છે તેની નોંધ મોકલાશે તેવી જિલ્લા કલેકટરે તાકીદ કરી હતી.

આ સમગ્ર એપ્રેન્ટીસ ભરતી મેળાનું સંચાલન અને સંકલન આઈ.ટી.આઈ હિંમતનગરના નોડલ અધિકારી તરીકે કામ કરીને નિર્ધારીત લક્ષ્ય સુધી પહોંચવા ભારે જહેમત ઉઠાવી રહ્યું છે. આ બેઠકમાં સૌ અધિકારીઓ ઉપસ્થિત રહી હકારાત્મક અભિગમ સાથે આગળ વધી રહ્યા છે, સહિયારો પુરૂષાર્થ કરીને લક્ષ્યાંક સિદ્ધ થઈ જશે એવી પ્રતિક્રિયા આપી હતી.

પગે પાણી આવશે... ● પાંચમા પાનાનું ચાલુ

હોસ્પિટલોમાં સારવાર લેવુ પડ્યુ અને કમભાગી કર્મીઓના ઓક્સિજનના અભાવે મોતના બનાવ સામે આવ્યા. અરવલ્લી જિલ્લામાં બેકાબુ કોરોના સંક્રમણ દરમ્યાન અસંખ્ય લોકોના મોત સારવાર દરમ્યાન નિપજ્યાં હોવા છતાં જિલ્લામાં કોરોના કાળ દરમ્યાન માત્ર ૭૭ લોકોના મોત કોરોનાના કારણે થયાનું આરોગ્ય વિભાગે અગાઉ સ્વીકારી લીધુ છે. સરકારે કોરોનાના મૃતકના સ્વજનોને સહાય આપવી જોઈએ તેવી વિપક્ષોની માંગણીથી ઘેરાયેલી સરકારે આખરે મૃતકોના સ્વજનો માટે સહાનુભૂતિરૂપ રૂ. ૫૦ હજારનું વળતર જાહેર કર્યુ છે. પરંતુ ડેથ સર્ટીમાં કોરોનાથી મૃત્યુ થયાની નોંધ હશે તો જ તે પરિવારને સહાયનો લાભ મળી શકે છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ ભલે કોરોનાથી મૃત્યુઆંક ઓછો દર્શાવે પરંતુ કોરોનાથી ૭૭ દર્દીઓના થયેલ મોત સામે મૃત્યુનો આંકડો ચાર ગણો મોટો હોવાથી સહાય મુદ્દે મૃતકોના પરિવારજનોને અગ્નિ પરીક્ષામાંથી પસાર થવાની નોબત આવી શકે છે. જે તે સમયે કોવિડ હોસ્પિટલમાં દર્દીનું સારવાર દરમ્યાન મોત થયું જેમાં તબીબોની પેનલે મોટાભાગના કિસ્સાઓમાં કોમોર્ડીટીથી મોત બતાવી દીધા છે જેથી કોરોના મૃતકોના સ્વજનોની આંખમાં આજે પણ પાણી ટપકી રહ્યું છે અને હવે જો રૂ. ૫૦ હજારનું વળતર જોઈતુ હશે તો પણ પગે પાણી આવી જાય તેવું લાગી રહ્યું છે. કેટલાક કિસ્સાઓમાં તો મૃતકોના પરિવારજનોને સરકારી હોસ્પિટલોએ પૂરતા કેસ પેપર પણ આપ્યા ન હોવાની ફરિયાદો વચ્ચે કુટુંબે કોરોનાથી મૃત્યુ થયું હોવાનું સાબિત કરવા માટે કાયદાનો આશરો લેવો પડે તેવું લાગી રહ્યું છે.

કડાકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતી એરટેલ, મારુતિ, ટાટા સ્ટીલ, ટીસીએસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, નેસ્લે ઈન્ડિયા અને એચસીએલ ટેકના શેર લાલ નિશાન સાથે બંધ થયા. સેન્સેક્સ પર બજાજ ફિનસર્વ, બજાજ ફાઈનાન્સ, એનટીપીસી, સનફાર્મા, હિન્દુસ્તાન યૂનિલિવર લિમિટેડ, ટાઈટન, એચડીએફસી, એચડીએફસી બેંક અને ડોક્ટર રેડ્ડીસના શેર લીલા નિશાન સાથે બંધ થયા. કારોબારીઓના અનુસાર મંથલી ફ્યૂચર્સ એન્ડ ઓપ્શન્સ (એપએન્ડઓ) કોન્ટ્રાક્ટ્સની એકસ્પાયરીથી સત્ર દરમિયાન ઊતાર-ચઢાવ જોવા મળ્યો.

આનંદ રાઠીમાં પ્રમુખ-ઈક્વિટી રિસર્ચ (ફંડામેન્ટલ) નરેન્દ્ર સોલંકીએ કહ્યું કે ચીનના સત્તાવાર આંકડાઓના લીધે વિનિર્માણ ગતિવિધિઓમાં જોરદાર ગિરવાટને લીધે એશિયન બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. એની અસર સ્થાનિક શેર બજારો પર પણ જોવા મળી. બપોરના સત્રમાં કન્ઝ્યુમર ડ્યૂરેબલ્સ, રિયલિટી અને ટેલિકોમ સ્ટોકમાં લેવાલીથી સ્થાનિક શેર બજાર એક સમયે લીલા નિશાન પર આવી ગયા હતા.

ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શિમલામાંથી શોધી લેવામાં આવ્યો હતો. તે લોકડાઉન પછી ગયા વર્ષે ભારત આવ્યો હતો. જ્યારે તેનો અફઘાન દુભાષિયો સહાયક લગભગ છેલ્લા પાંચ વર્ષ સુધી દેશમાં રહે છે. પૂછપરછ દરમિયાન મુખ્ય આરોપીએ પોતે અફઘાન સિક્યુરિટી એન્ફોર્સમેન્ટ એજન્સીનો ભૂતપૂર્વ સભ્ય હોવાનો દાવો કર્યો હતો અને સાથે કહ્યું હતું કે તે ભારતમાં ડ્રગ વેપારની કામગીરી અને નાણાંની લેવડદેવડ પર દેખરેખ રાખે છે. ડીઆરઆઈના અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપી ભારતથી પરિચિત હતો કારણ કે તે ઘણી વખત દેશની મુલાકાતે આવ્યો હતો. સૂત્રએ જણાવ્યું હતું કે, અગાઉ દિલ્હીના એનસીઆરમાંથી ધરપકડ કરાયેલા ચાર અફઘાન નાગરિકો ડ્રગ પેડલર હતા. જેઓ ડ્રાયફ્રૂટ વેચનાર ફેરિયા તરીકે જાહેરમાં રેકડી રાખીને ઊભા રહેતા હતા, પરંતુ પબ, ક્લબ અને પાર્ટીઓમાં હેરોઈન વેચતા હતા. એક કિલો હિરોઈનના અંદાજે ૭ કરોડ રુપિયા સુધી મળી જાય છે.

બંધ ન કરી શકાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવર ઘણા મહિનાઓથી ખોરવાઈ ગઈ છે તેવો મુદ્દો ઉઠાવ્યો છે. કોર્ટેને સુનાવણી દરમિયાન જાણકારી મળી હતી કે, હરિયાણા સાથે જોડાયેલી દિલ્હીની બોર્ડરને પણ ખેડૂત આંદોલન કરનારાઓ દ્વારા રોકવામાં આવી છે. કોર્ટે જ્યારે આ બાબતે કેન્દ્ર સરકાર, હરિયાણા, યુપી પાસે જાણકારી માંગી ત્યારે તેમણે એવો જવાબ આપ્યો હતો કે, આંદોલનકારીઓને સમજાવીને રસ્તા પરથી હટાવવા માટે કોશિશ થઈ રહી છે. ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે શાહીનબાગ ધરણા અંગે ચુકાદો આપ્યો ત્યારે પણ કહ્યુ હતુ કે, આંદોલનના નામે કોઈ રસ્તાને લાંબા સમય માટે રોકી શકાય નહીં. દરમિયાન આજે સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી જાણકારી અપાઈ હતી કે, આંદોલનકારીઓને રસ્તા પરથી હટાવવા માટેના વાતચીતના પ્રયત્નો સફળ થઈ રહ્યા નથી. કોર્ટે આંદોલનકારીઓને આ મામલામાં પક્ષકાર બનાવવા જોઈએ.

માર્ગદર્શન આપ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય છે. ઝુંડાલ-ચાંદખેડાની સોસાયટીના ૪૦૦ થી વધુ મતદારોના નામ પણ કમી કરવાના થાય છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મતદાર યાદીમાં બહુ નહિવત ફેરફાર જરૂર થયા છે પરંતુ એથી મતદાન મથક કે મતદારોની કુલ સંખ્યામાં પણ બહુ ફેરફાર નથી થતો.

ગાંધીનગર-અમદાવાદની હદ અડોઅડ હોવાથી આ પ્રશ્નો સ્વાભાવિક છે. બીજુ પહેલી ચૂંટણી આ વિસ્તારોમાં હોવાથી પણ નાના-મોટા ફેરફારો થાય એ સ્વાભાવિક છે. બીજી તરફ પંચે ગ્રામ્ય વિસ્તાર જે ભેળવવામાં આવ્યો છે તેમાં મતદાર-જાગૃતિ અભિયાનને લઈ સૂચનાઓ આપી છે. મતદાર જાગૃત્તિ અભિયાન પણ તંત્ર દ્વારા નવા વિસ્તારોમાં વ્યાપક રીતે હાથ ધરવામાં આવ્યુ હતુ. નવા વોર્ડ સીમાંકનમાં મતદાર જાગૃત્તિ અભિયાન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. ત્યાં પંચાયતો હતી અને એક જ મત આપવાનો હતો. હવે મનપામાં આ વિસ્તારો ભળતાં ૪ મત આપવાના અને મતદાન પછી મત રજીસ્ટર્ડ થાય તે જોવાનું એટલે મતદાર-જાગૃતિ અભિયાન જરૂરી હતી.

મનપાની આ ચૂંટણીમાં મતદાર યાદી અને મતદાર જાગૃત્તિ અભિયાન એ મહત્વના મુદ્દા બની ઉભરી આવતાં પંચે ખાસ બેઠક યોજવી પડી હોવાની વાતે રાજકીય વર્તુળોનું પણ ધ્યાન ખેંચ્યુ હતુ.

સર્વેલન્સ યોજાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૯ની સ્થિતિનું પુનરાવર્તન થઈ રહ્યુ હોય તેવુ લાગી રહ્યું છે. સાદા મેલેરિયા અને ઝેરી મેલેરિયાના કેસોને લઈ તંત્ર સતત દોડી રહ્યુ છે એટલુ જ નહિ શહેરનો વિસ્તાર વધ્યો હોવાથી કામગીરીનું ભારણ પણ વધ્યુ છે. ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે ૮ હજારથી વધુ ખાડા-ખાબોચિયામાં ભરાઈ રહેલા વરસાદી પાણીને લઈ એન્ટી લાર્વેલની કામગીરી પણ તંત્રએ કરી છે.

તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સ પણ સઘન બનાવવામાં આવ્યુ છે. જ્યાં જ્યાંથી વારંવાર પોરા મળી રહ્યા છે તેમને નોટીસો પણ અપાઈ છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ચિકનગુનિયા જેવા લક્ષણો ધરાવતા દર્દીઓ જરૂર વધ્યા છે પણ તેમના રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રને થોડીક રાહત જરૂર થઈ છે.

ગાંધીનગર શહેરમાં પહેલીવાર માઉન્ટેડ ફોગીંગ મશીનથી ફોગીંગ પણ કરવામાં આવી રહ્યુ છે તેમજ ૩ હજારથી વધુ ઘરોને ફોગીંગ હેઠળ આવરી લેવામાં આવ્યા છે જે નોંધનીય છે.

સફાઈ કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના લીધે રહેણાંક વિસ્તારમાં પણ જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. વરસાદી દિવસોના લીધે શહેરના કોમન પ્લોટ તેમજ આંતરિક માર્ગો આસપાસ પણ બિનજરૂરી વન્સિપત ઉભી નિકળતા રહીશો પરેશાન છે. ત્યારે સફાઇ ઝુંબેશ હાથ ધરવા માટે પણ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ શહેરના વન આરક્ષિત વિસ્તારમાં પણ ઘાસ અને વનસ્પિતનો ઢગ ખડકાયો છે. જેના લીધે અન્ય હરિયાળા રોપાઓને પણ નુકશાન થઈ રહ્યુ છે. વનતંત્ર દ્વારા વન આરક્ષિત વિસ્તારમાં યોગ્ય સફાઈ કરવા માટે આયોજન કરાયુ છે. નવરાત્રિ દરમિયાન શહેરના વન આરક્ષિત વિસ્તારમાં સફાઇ કરવામાં આવશે જેમાં પ્રથમ તબક્કામાં નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ સફાઇ કામગીરી હાથ ધરાશે ત્યારબાદ શહેરના અન્ય મુખ્યમાર્ગો તેમજ ઉભા આડા રસ્તાઓની આસપાસ પણ સફાઇ કામગીરી કરાશે. આ દરમિયાન સેકટરામાં નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓ અને જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ વનતંત્રની ટીમ કામે લાગશે. છેલ્લા કેટલાક સમયથી શહેરના રહેણાંક વિસ્તારમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ પણ સ્ટ્રીટ લાઇટના અજવાળા માટે આડશ બની છે. ત્યારે સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરાશે. આગામી સપ્તાહમાં સફ